કેસ દાખલ તારીખઃ  03/8/2021
રજી. થયા તારીખઃ 03/8/2021
ફેસલ  કર્યા તારીખઃ 20/8/2024
સમય ગાળોઃવર્ષ..... માસ..... દિવસ...

અમદાવાદના  મહે. ૨૨ માં એડી.ચીફ. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ
નંબરઃ૦૭માં.,મુ.અમદાવાદ

ક્રિ.કે.નંબરઃ 89477/2021
આંકઃ

ફરીયાદીઃ–    શ્રી સરકાર
વિરૂધ્ધ
આરોપીઃ–    રવિ ઉર્ફે રવિન્દ્ર રામચંદ્ર ગુપ્તા
રહે – મ.નં. ૨૬, સોસાયટીની ચાલી, પતરાવાળી ચાલીની સામે, અમરાઇવાડી, અમદાવાદ.

– – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – –

ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી કુ. પી. ડી. પંડ્યા
આરોપી તરફે વિ.વ.શ્રી ડી. એ. ચૌહાણ

– – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – –

ગુનોઃઈ.પી.કો.કલમઃ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા જી પી એક્ટની કલમ ૧૩૫(૧) મુજબ.

– – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – –

– ચુ કા દો –

– – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – –

(૧)  આ કામે ફરીયાદપક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, તા. ૧૧/૩/૨૦૨૧ ના રોજ ફરિયાદી તેના મિત્ર મયુરનો ફોન આવતા તેણે બોલાવેલ સરનામે જતા આરોપી તેના મિત્ર મયુર સાથે બોલાચાલી કરતો હતો અને ડી જે બંધ કરવા બાબતે ઝઘડો થતાં, આરોપીએ ચપ્પુલ કાઢી ફરિયાદીને ઈજા કરી તથા વચ્ચે પડેલ સાહેદોને પણ ઈજા કરી, ગંદી ગાળો આપી, નાસી જઇ, ઈ.પી.કો. કલમ– ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા જી પી એક્ટની કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો અમરાઇવાડી પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૪૨૧૦૨૩૨/૨૦૨૧ થી નોંધાયેલ. તે સંદર્ભે તપાસ કરનાર અમલદારે જરૂરી કાર્યવાહી હાથ ધરી આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

૨.  આ કામનાં આરોપી જામીન મુકત હોય તેઓને સમન્સની બજવણી કરવામાં આવતા, આરોપી નામદાર કોર્ટમાં હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૦૭ અન્વયે પુરી પાડવામા આવેલ છે અને તે મળી ગયાની ખાત્રી થયા બાદ આરોપીઓ સામે આંક ૩ થી તહોમતનામુ ફરમાવી, આરોપીઓની ગુના સબબે પ્લી આંકઃ ૪ થી નોંધવામાં આવતા ગુનો

કબુલ નહી હોવાનુ જણાવેલ છે જેથી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ હાથ ધરવામાં આવેલ છે.

૩. ફરિયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| (એ) મૌખિક પુરાવાઓ. | | |
|---|---|---|
| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
| ૦૧ | ફરિયાદી સિધ્ધાર્થ સુરેશભાઇ પટેલની જુબાની | ૫ |
| ૦૨ | ફરિયાદ | ૬ |
| ૦૩ | સાહેદ મયુર નટવરલાલ વેગડાની જુબાની | ૭ |
| ૦૪ | સાહેદ બ્રિજેશ બાબુભાઇ વાઘેલાની જુબાની | ૮ |
| ૦૫ | પંચનામુ | ૯ |
| ૦૬ | પંચનામુ | ૧૦ |
| ૦૭ | સારવાર સર્ટીફીકેટ | ૧૧ |

આ સિવાય ફરીયાદપક્ષે લેખિત કે મૌખિક પુરાવાઓ રજુ કરેલ નથી.

(૪) આ કામે બંને પક્ષકારોના વકીલશ્રીઓને મૌખિક રીતે સાંભળવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે પુરાવાના અંતે આરોપીઓનું વિશેષ નિવેદન લેવા યોગ્ય પુરાવો ન હોઈ આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(૫) આ કામે મારા ન્યાયનિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, તા. ૧૧/૩/૨૦૨૧ ના રોજ ફરિયાદી તેના મિત્ર મયુરનો ફોન આવતા તેણે બોલાવેલ સરનામે જતા આરોપી તેના મિત્ર મયુર સાથે બોલાચાલી કરતો હતો અને ડી જે બંધ કરવા બાબતે ઝઘડો થતાં, આરોપીએ ચપ્પુલ કાઢી ફરિયાદીને ઈજા કરી તથા વચ્ચે પડેલ સાહેદોને પણ ઈજા કરી, ગંદી ગાળો આપી, નાસી જઈ, ઈ.પી.કો. કલમ- ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા જી પી એક્ટની કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) આ કામે ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છેઃ

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**<u>કારણો</u>**

(૭) આ કામે ઉપરના નિર્ણયો પર પહોંચવા માટેના મારા કારણો નીચે મુજબ છેઃ

આ કામે પડેલા પુરાવાઓની ચર્ચા કરીએ તો, આરોપીઓએ બનાવ વખતે

બનાવના સમયે આક્ષેપિત ગુનાઓ માટે શું રોલ ભજવ્યો છે ? તે માટે આંક–૫ થી ખુદ ભોગ બનનાર ફરીયાદી સિદ્ધાર્થ તથા ભોગ બનનાર બંને સાહેદો આંક ૬ થી મયુર વેગડા તથા આંક ૮ થી બ્રિજેશ વાઘેલનાઓનો સોગંદ ઉપરનો મૌખિક પુરાવો વંચાણે લેતાં, તેમાં તેઓ મુખ્યત્વે જણાવે છે કે, " બનાવ રાત્રીના સમયે તેઓની સોસાયટીના પાછળના ભાગે થયેલ જેમા ડીજે બંધ કરવા બાબતે આરોપી સાથે બોલાચાલી થયેલી અને ધાર્મિક પ્રસંગે માણસો ભેગા થયેલ હોવાથી ધક્કામુક્કીમાં પડી જવાથી તેઓ ત્રણેયને ઇજા થયેલી અને ફરિયાદીએ આવેશમા આવીને ફરિયાદ આપેલી અને સીવીલ હોસ્પિટલમાં સારવાર લીધેલી. "

સદરહું સાહેદની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ તેઓ જણાવે છે કે, " એ વાત ખરી છે કે બનાવ સમયે આરોપીના હાથમા કોઇ હથિયાર હતા નહી તે હથિયારથી મુયરને શરીરને ભાગે વાગેલ નહી . એ વાત ખરી છે કે આરોપીએ કોઇ ગાળો બોલેલ નહી કે માર મારેલ નહી. "

(૮) કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો તેમજ ભારતિય પુરાવા અધિનિયમ , ૧૮૭૨ ની કલમ – ૧૦૧ તેમજ કલમ – ૧૦૨ ની જોગવાઈ મુજબ ફરિયાદપક્ષે આરોપી વિરૂદ્ધના આક્ષેપો નિઃશંકપણે પૂરવાર કરવા જરૂરી છે અને ફરિયાદપક્ષ જ્યાં સુધી પુરાવાથી આરોપી વિરૂદ્ધના આક્ષેપો પુરવાર ન કરે ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવાની રહે છે. વધુમાં, આરોપી વિરૂદ્ધના આક્ષેપોની સાબિતીનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલ છે. ફોજદારી કેસોમાં પુરાવાનું મુલ્યાંકન સામાન્ય સમજણ ધરાવતી વ્યકિત કરે તે રીતે કરવાનું રહે છે. દરેક કેસ તે કેસની હકિકતો, પુરાવો, સંજોગો તેમજ ગુણદોષ ઉપર આધારિત હોય છે. કોઈપણ હકિકતની સાબિતી માટે ચોક્કસ સંખ્યામાં સાહેદોનો પુરાવો રજુ થવો જરૂરી નથી. એકમાત્ર વ્યકિત જો વિશ્વસનિય પુરાવો રજુ કરે અને તે પુરાવો વિશ્વાસ પેદા કરતો હોય અને તે પુરાવાનું વ્યાજબી રીતે ખંડન થયેલ ન હોય ત્યારે તે પુરાવા ઉપર વિશ્વાસ રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે. હકિકતે પુરાવાની ગુણવત્તા મહત્વની છે નહી કે પુરાવાનો જથ્થો. વધુમાં ન્યાયશાસ્ત્રના સિદ્ધાંતો મુજબ, આરોપી વિરૂદ્ધ આક્ષેપાયેલ તહોમત શંકારહિત, સચોટ અને માનવાલાયક પુરાવાથી સાબિત કરવાની જવાબદારી ફરિયાદપક્ષ ઉપર રહેલ છે. ફરિયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકા ઉપસ્થિત થતી હોય ત્યારે તેનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે. શક્યતા કે અટકળો

આધારીત ઉભી કરાયેલ શંકાને વ્યાજબી શંકા કહી શકાય નહી અને તેનો લાભ આરોપીને મળે નહી. વધુમાં ન્યાયશાસ્ત્રના સિદ્ધાંતો મુજબ, આરોપી વિરૂદ્ધ ગમે તેટલી મજબુત શંકા હોય તો પણ શંકા એ શંકા જ રહે છે અને તે પુરાવાનું સ્થાન લઈ શકે નહી. ફરિયાદપક્ષના પુરાવાના આધારે જયારે બે મંતવ્યો પ્રતિપાદિત થતા હોય ત્યારે આરોપીની તરફેણનું મંતવ્ય માનવું જોઈએ. ફોજદારી કેસોમાં ગુણદોષ ઉપરના નિર્ણય સમયે ન્યાયાધિશે સત્ય શોધવાનું કાર્ય કરવાનું હોય છે. કોઈ નિર્દોષ વ્યકિતને ખોટી રીતે સજા ન થઈ જાય તે જોવાનું રહે છે તેની સાથે સાથે દોષિત વ્યકિત ગુન્હામાંથી છટકી ન જાય તે પણ જોવાનું રહે છે. નાની વિસંગતતાઓ કે વિરોધાભાસોને અવગણવાના છે અને મહત્વનો અને વિશ્વસનિય પુરાવો નજર સમક્ષ રાખવાનો હોય છે. દરેક કેસમાં નાની મોટી વિસંગતતા કે વિરોધાભાસો આવે તે સ્વાભાવિક છે પરંતુ જો આવી વિસંગતતાઓ કે વિરોધાભાસો ફરિયાદપક્ષના કેસને મુળમાંથી અસર ન કરતા હોય તો તેની અવગણના કરવાની રહે છે કારણ કે કોઈપણ વ્યકિત કે જે અદાલત સમક્ષ સાહેદ તરીકે પુરાવો રજુ કરવા આવે છે તે દરેકની વર્તણૂંક, સ્મરણશકિત, વિચારવાની કે અવલોકન કરવાની શકિત જુદી જુદી હોય છે અને દરેકને એકસરખી ચોક્કસ યાદદાસ્ત હોય અનેતેઓ ટેપરેકોર્ડરની માફક અક્ષરશઃ પુરાવો રજુ કરે તે જરૂરી નથી. ઉપરોકત સિદ્ધાંતો નજર સમક્ષ રાખી હાલના કેસમાં ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવાનું અર્થઘટન કરવામાં આવેલ છે.

(૯) ઉપરોક્ત તમામ હકીકત અને સંજોગો તેમજ ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવેલ છે. પ્રસ્તુત કામે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ખુદ ફરીયાદી અને ભોગ બનનાર બંને સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, તેઓ ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન કરતા નથી અને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર થયેલ છે અને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ આંક-૬ વાળી ફરીયાદની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી. વધુમાં, ફરિયાદપક્ષે આ કામે કલોઝીંગ પુરસીસ આપવામાં આવેલ હોય સદરહું કામે રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી આ કામના આરોપીએ તહોમત મુજબનો ગુન્હો કરેલ હોય તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં ફરિયાદપક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ હોઈ આરોપીઓને સદર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા વ્યાજબી, ન્યાયી અને ઉચિત જણાતું હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ નો આખરી હુકમ નીચે

મુજબ કરુ છું.

**<u>હુકમ</u>**

આ કામે આરોપી રવિ ઉર્ફે રવિન્દ્ર રામચંદ્ર ગુપ્તા રહે – મ.નં. ૨૬, સોસાયટીની ચાલી, પતરાવાળી ચાલીની સામે, અમરાઈવાડી, અમદાવાદ નાઓને તેમની સામેના ઈ.પી.કો. કલમ– ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા જી પી એક્ટની કલમ ૧૩૫(૧) મુજબના ગુનામાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા આપવાના રહેશે.

હુકમ આજરોજ વાંચી, સંભળાવી, સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

મુકામઃ અમદાવાદ
તા. ૨૦/૦૮/૨૪.

(વી. આર. ચૌધરી)
૨૨મા એડી.ચીફ. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૦૭.અમદાવાદ.
કોડ નં.જીજે. ૦૦૮૧૫.